# ધાનેરા વિદ્યુત બોર્ડ અને નગરપાલિકા ફરી એક વાર ઊંઘતી ઝડપાઈ

## સામાન્ય વરસાદથી શહેરની ગટરો ઉભરાઈ : પાલિકાએ ગટરો તોડી પાણીનો નિકાલ કર્યો








પાલનપુર, તા. ૩૦

ધાનેરા વિધુત બોર્ડ અને નગરપાલિકા ફરી એક વાર ઊંઘતી ઝડપાઈ છે ત્યારે વિધુત બોર્ડ અને નગરપાલિકા બેદરકારી ના કારણે ધાનેરા ના રહીશો ને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યા હતો

નગરપાલિકા અને મહા નગરપાલિકા ધ્વરા ચોમાસા અગાઉ પ્રિ-મોન્સૂન પ્લાન ની કામગીરી કરવામાં આવતી હોય છે જેમાં શહેર ની તમામ નાની મોટી ગટરો ની સાફ-સફાઈ કરવાની હોય છે હોય છે જેના લીધે વરસાદ ના પાણી નો આસાની થી નિકાલ થઈ જાય અને લોકોને મુશ્કેલી નો સામનો ન કરવો પડે ત્યારે ધાનેરા નગરપાલિકા ધ્વરા ફક્ત પ્રિ-મોન્સૂન ની કામગીરી કાગળ પર જ કરી હતી આ બાબતે મીડિયા ધ્વરા અહેવાલ પણ બહાર પાડવામાં આવ્યો હતો છતાં પણ તંત્ર ધ્વરા કોઈજ પગલાં ન ભરાતા સમાન વરસાદ થીજ તમામ ગટરો ઉભરાવવા લાગી હતી તો કેટલીક જગ્યાએ તો ગટરો ઉભરાઈ લોકોના ઘરમાં ગટરો ના પાણી ઘુસી ગયા હતા અને જાહેર ગટરો બ્લોક થઈ જતા પાણી અટવાઈ ગયું હતું

આપે કદાચ કહેવત તો સાંભળી હશે કે આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું તેવીજ સ્થતિ ધાનેરા માં સર્જાઈ હતી અને પાલિકા ના ઈન્ચાર્જ પ્રમુખ જગદીશ ઠક્કર પાણી અટવાઈ જતા દોડતા થઈ ગયા હતા અને ગટરો તેમજ શહેર માં આવેલી દુકાનોના ઓટલા તોડી પાણી નો નિકાલ કર્યો હતો અત્યારે તો ગટરો અને ઓટલા તોડવાથી પાણી નો નિકાલ થઈ ગયો છે પણ જો આવનાર સમય માં વધુ વરસાદ આવે અને પાણી અટવાઈ જાય તો નવાઈ ની વાત ન કહેવાય માટે લાગતા વળગતા અધિકારીઓ ને જાગવાની જરૂર છે.

આ તો વાત હતી ધાનેરા નગર પાલિકા ની હવે જો વાત કરવામાં આવે ધાનેરા વિધુત બોર્ડ ની ત્યાં પણ ગંભીર બેદરકારી સામે આવી હતી વિધુત બોર્ડ ધ્વરા પણ ચોમાસા અગાઉ વીજ લાઈન ને નડતા વૃક્ષો કટિંગ કરવાના હોય છે જેથી વરસાદ કે વાવાઝોડા દરમ્યાન લોકો ને લાઈટ વગર હેરાન ન થવું પડે પણ સામાન્ય વરસાદ ના કારણે વિધુત બોર્ડ ધ્વરા લાઈટ સતત ૨૦ કલાક સુધી બંધ કરી દેતા લોકો ગરમી માં શેકાયા હતા અને લોકો ધ્વરા વિધુત બોર્ડ નો સંપર્ક કરતા ધાનેરા વિધુત બોર્ડ ના એક પણ કર્મચારી લોકોને ફોન ઉપાડી જવાબ આપવા માટે નવરા ન હતા જેથી લોકોએ કંટાળી રાત્રે બાર વાગ્યા ના સુમારે વિધુત બોર્ડ માં ઘુસી જતા વિધુત બોર્ડ ધ્વરા લાઈટ ચાલુ કરવામાં આવી હતી અને લોકો પોતાના ઘરે પહોંચી જતા લાઈટ ફરીથી બંધ કરી દેવામાં આવી હતી જેથી લોકો કહી રહ્યા છે વીજ લાઈન માં કોઈ જગ્યા પર નુકશાન નથી તો લાઈટ કેમ બંધ કરવામાં આવે છે તો કેટલાક લોકો તો એવું જણાવી રહ્યા છે કે કર્મચારીઓ રાત્રે સારી રીતે ઊંઘી શકે તે માટે પહેલેથીજ લાઈ બંધ કરી દેવામાં આવે છે જો આ વાત સત્ય હોય તો ખુબજ શરમ જનક કહેવાય અને લાગતા વળગતા અધિકારીઓ એ આ બાબતે જરૂર પગલાં ભરવા જોઈએ માટે લોકોને ફરીવાર મુશ્કેલી નો સામનો ન કરવો પડે.

**સામાન્ય વરસાદના પગલે ધાનેરા વિદ્યુત બોર્ડે શહેરના અનેક વિસ્તારો માં ૨૦ કલાક સુધી લાઈટ બંધ કરી : રાત્રે લાઈટ ન આવતા અને પ્રજા ગરમીમાં શેકાતા પહોંચ્યા વિદ્યુત બોર્ડમાં**

## ઊંઝા અને ઉનાવામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી

ઊંઝા, તા. ૩૦

ઊંઝા અને ઉનાવા પોલીસ સ્ટેશનોની હદમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તદન કથળી જવા પામી છે.

ગઈરાત્રે ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે બે સોસાયટીઓના સાત જેટલા બંધ મકાનોને તસ્કરોએ નિશાન બનાવી લાખોની કિંમતની માલમત્તાની ઘરફોડ ચોરીઓ કરી હોવાનો ચોંકાવનારો બનાવ બનેલ છે. આ બનાવ અંગે ગ્રામજનોને વહેલી સવારે જાણ થતાં તેઓએ ઊંઝા પોલીસમથકે જાણ કરી હતી. પરંતુ પોલીસ સમયસર ન પહોંચતા ઘટનાસ્થળે મોડી પહોંચી હતી. જેથી સરપંચ અને ગ્રામજનો રોષે ભરાયા હતા. ગ્રામજનોનો રોષ પારખીને પોલીસ પરત ફરી હતી.

આ સાથે ઊંઝા તાલુકાના ઉનાવા ગામે મુસ્લિનોના નવા વાસમાં આવેલ એક મકાનના પાછળના ભાગના દરવાજાની સ્ટોપર તોડી નાંખી કોઈ તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. બાદ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, ડાયમંડ અને મોબાઈલ ફોન મળી કુલ ૨,૨૫,૮૦૦ કિંમતની મત્તાની ઘરફોડ ચોરી કરી હતી.

આ બનાવ અંગે સૈયદ સુફેરા તાહીરહુસેન સદીકમીયાંની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કહે છે કે ઉનાવામાં છેલ્લા ઘણા સમયથી મિલકત વિરૂદ્ધના, શરીર સંબંધી, તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનો આંક વધી ગયો છે. આ સાથે ઉનાવામાં દારૂ જુગાર સહિતની અન્ય અસામાજીક બદીઓએ ભારે ઉપાડો લેતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે. સ્થાનિક પોલીસતંત્રમાંના જ કેટલાક કથિત ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓને સત્તા મળી છે તો નાણાં મેળવીલો જેવી ભ્રષ્ટ નીતિરીતિના કારણે જનમાનસમાં પોલીસની છાપ ખરડાઈ છે.

## પાલનપુરમાં ગંદા પાણીના નિકાલની જગ્યાએ સરકારી આવાસના મકાનોનું કામ શરૂ કરાતા ચકચાર

### ૨૦ એકર જમીનમાં ૧૩૦૦ જેટલા મકાનો બનાવવાનું કામ પાલિકા દ્વારા શરૂ કરાયું

પાલનપુર, તા. ૩૦

પાલનપુર નગરપાલિકા દ્વારા આવાસ યોજના અંતર્ગત સદરપુર ખાતે ની ગંદા પાણી ની જગાએ હેતુ ફેર કર્યા વગર ગેર કાયદેસર ૧૩૦૦ મકાનો ૬૦ કરોડ ના ખર્ચે બની રહયા હોવાનું પાલિકા સદસ્ય અમૃત જોષી એ ભાજપ ના સત્તાધીશો પર આક્ષેપ કર્યો છે



પાલનપૂર નગરપાલિકા ના ભાજપ ના સત્તાધીશો શહેર નું ગટર નું ગંદુ પાણી આકેસણ વિસ્તાર તરફ લઈ જવાનો કારસો રચ્યો છે જેના લીધે ભવિસ્ય માં પાલનપુર શહેર ગંદકી માં ગરકાવ થાય તેવી પૂરી સંભાવના વર્તાઈ રહી છે સરકાર ની મંજૂરી ન હોવા છતાં સદરપૂર ખાતે ૨૦ આવેલી એકર જમીન માં ૧૯૮૬ થી પાલનપુર શહેર ના ગટર યોજના ના માટે ઓક્સિડેશન પોન્ડ કાર્યરત છે જો કે આ જગ્યા પર હાલ માં ૧૩૦૦ જેટલા રાજીવ ગાંધી આવાસ યોજના નું બાંધકામ ગેર કાયદેસર રીતે પૂર જોશ માં ચાલી રહ્યું છે આ આવાસ ના બાંધકામ માટે પાલિકા દ્વારા ૨ કરોડ જેટલી માતબર રકમ પણ ચુકવણી થઈ ચુકી છે પાલનપુર શહેર ને ભવિસ્ય ની ચિંતા કર્યા વિના પાલિકા ના સત્તાધીશો એ ગટર ના ગંદા પાણી ની જગ્યા પર આવાસ યોજના હેઠળ ના ૧૩૦૦ મકાનો નું બાંધકામ શરૂ કરી દેતા હવે ભવિસ્ય માં પાલનપુરવાસી ઓ ને શહેર ના ગટર ના ગંદા પાણી ની દુર્ગંધ સહન કરવાનો વારો આવે તો નવાઈ નહીં નવાઈ નહીં પાલનપુર પાલિકા ના વિરોધ પક્ષ ના નેતા અમૃત જોષી એ ગુજરાત ટુડે સાથે ની વાતચીત માં જણાવ્યું હતું કે સરકારી આવાસ યોજના ના નામે પાલિકા ના સત્તાધીશો પોતાના ખિસ્સા ભરવા માટે મનફાવે તેમ પાલનપુર શહેર ના હીત ની ચિંતા કર્યા વિના ગેર કાયદેસર રીતે કામ કરી રહયા છે જો સદરપુર ખાતે શહેર ના ગટર ના ગંદા પાણી ની જગ્યા એ સરકારી આવાસ રોકવામાં નહીં આવે તો ભવિસ્ય માં ગટર ના ગંદા પાણી થી ગંધાઈ ઉઠશે ને લોકો ને જીવવું મુશ્કેલ બની જશે આ બાબતે અમારા પાલનપુર ના સંવાદાતા એ પાલનપુર ચીફ ઓફિસર નો સંપર્ક કરતા તેઓએ હાઈકોર્ટ માં હોવાનું જણાવતા તેમની પ્રતિક્રિયા જાણી શકાય નથી.

## હિંમતનગર પાલિકા કચેરીના તાળા તોડી તસ્કરો દ્વારા ચોરીનો પ્રયાસ

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં શહેર મધ્યે અને બી-ડીવીઝન પોલીસ સ્ટેશન નજીક આવેલી નગરપાલિકા કેમ્પસમાં તસ્કરોએ બુધવારે મોડી રાત્રે ચોરી કરવાના ઈરાદે ચીફ ઓફિસરની ચેમ્બરના તેમજ વહીવટી કચેરીના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો. આમ શહેરને અને નગરજનોને ચોરી-લૂંટની ઘટનાઓને અંજામ આપી બાનમાં લેનાર તસ્કર ટોળકીએ હવે નગરપાલિકા કચેરી જેવી જગ્યા પર હાથફેરો કરવાનો પ્રયાસ કરતા નગરજનોમાં આશ્ચર્ય સર્જાયુ છે. ચોરીના પ્રયાસની ઘટના સંદર્ભે પાલિકાના કર્મચારીએ બી-ડીવીઝનમાં ફરિયાદ નોંધાવી છે.

અનુસાર શહેરના હાર્દસમા ટાવર રોડ પર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની નજીકમાં જ સરકીટ હાઉસની બાજુમાં હિંમતનગર નગરપાલિકા કેમ્પસ આવેલું છે. બુધવારે મોડી રાત્રે પાલિકા કેમ્પસમાં આવેલી ચીફ ઓફિસરની ચેમ્બર તેમજ વહીવટી કચેરીના દરવાજાના તાળા તસ્કરોએ તોડી અંદર પ્રવેશ્યા હતા. તસ્કરોએ પાલિકા કચેરીમાં લગાવેલા સીસી ટીવી કેમેરા તથા ડીવીઆરના વાયર તોડી નાખી ઓફિસમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે હાલમાં તો કચેરીમાંથી તસ્કરોને હાથફેરા દરમિયાન કંઈ હાથ ન લાગ્યાનું જાણવા મળ્યું છે.

ગુરૂવારે સવારે પાલિકામાં આવતા કર્મચારીઓએ કચેરીના તુટેલા તાળા જોઇ ચોરીની ઘટના બન્યાનો અંદાજ લગાવ્યા બાદ પાલિકા તંત્રના ઉચ્ચ અધિકારી સહિત બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ઘટના અંગેની જાણ કરતા પોલીસ તંત્ર સવારે દોડતું થયું હતું. પોલીસે પાલિકા કચેરી ખાતે દોડી જઇ ઘટના સ્થળનું નિરીક્ષણ કરી પાલિકાના કર્મચારી દિપકકુમાર વલ્લભદાસ શાહની ફરિયાદ આધારે ચોરીની કોશિષનો ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી જિલ્લામાં હળવા-ભારે ઝાપટા વરસ્યા

### મોડાસામાં નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાયા : વાવણીલાયક વરસાદ વરસતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં ધીમી ગતીએ મેઘરાજનુ આગમન થઈ રહ્યું છે. અસહ્ય ઉકળાટ અને બફારાના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. મેઘરાજાના આગમનથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડાસામાં બુધવારે રાત્રીના સમયે મેઘરાજા ધરાતલને રસતાળ કરે તેવુ પાણી વરસાવશે તેવી લોકો આશા રાખી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં ચાર દિવસથી બાફ, ગરમી અને ઉકળાટથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે બુધવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો. આકાશ કાળા ડિબાંગ ભૂમિપુત્રો ચાતક નજરે જોઈ રહ્યા છે. જિલ્લામાં છેલ્લા સપ્તાહ પહેલા અને બુધવારે વરસાદ થતાં ખેતરોમાં ઘાસચારો ઉગી નીકળતાં અબોલ પશુઓના ખોરાક અને પાણીમાં થોડી રાહત મળી હોય તેવુ પશુપાલકોના મત પ્રવર્તી રહ્યા છે.

મોડાસા શહેરમાં વરસાદ



અડધો ઈંચ જેટલો વરસાદ પડતા ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અરવલ્લી જિલ્લાના અન્ય વિસ્તારોમાં હળવાથી ભારે ઝાપટા વરસ્યા હતા. વાવણીલાયક વરસાદ થતા મહદઅંશે ખેડૂતો અષાઢીબીજ નજીક છે અને વરસાદી માહોલ બંધાઈ રહ્યો છે ત્યારે ટૂંક સમયમાં વાદળોથી ઘેરાઈ ગયુ હતુ. રાત્રીના ૮ વાગ્યાના સમયે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદના હળવાથી ભારે ઝાપટા પડ્યા હતા. મોડાસા શહેરમાં રાત્રીના ૮ વાગ્યાના સુમારે અડધો કલાકથી વરસાદ ચાલુ રહેતા અડધા ઈંચ કરતા પાણી વરસી ગયુ હતુ. જ્યારે અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં વરસાદની હજુ વધુ વરસવાની રાહ પડતાની સાથે જ લાઈટની સમસ્યા નગરજનો માટે માથારૂપ બની ગઈ છે. હજુતો વરસાદ વરસવાની શરૂઆત પણ ન થઈ હોય અને વીજળી ગુલ થઈ જવાની ઘટનાઓ ઠાશવારે બનતા મોડાસા શહેરના યુજીવીસીએલ કચેરી દ્વારા પ્રી. મોન્સુન પ્લાન ફક્ત કાગળીયાઓ પરજ અમલમાં લાવી દીધો હોય તેવુ પ્રજાજનોને અહેસાસ થઈ રહ્યો છે.

## ઓબ્ઝર્વેશન હોમના ઉદ્યોગ શિક્ષક બી.પી. ખરાડીનો વિદાય સમારંભ યોજાયો

મહેસાણા ઊંઝા રોડ પર ફતેપુર પાટીયા પાસે આવેલ ઓબ્ઝર્વેશન હોમના શિક્ષક બી.પી. ખરાડી વયનિવૃત્તિના કારણે નિવૃત્ત થયા હતા. બી.પી. ખરાડી ૧૯૯૦થી મહેસાણા ઓબ્ઝર્વેશન હોમ ખાતે ઉદ્યોગ શિક્ષક તરીકેની ફરજ બજાવતા હતા. તેમની સેવાકાળના જીવન દરમિયાન બાળકોને સાથે માતૃવત્સલ લાગણી સાથે જોડાયેલા રહ્યા હતા. કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકોને માતા અને પિતાનો પ્રેમ આપી જીવવાની નવી દિશા આપી હતી. ૨૯ વર્ષની નોકરી બાદ નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ ઓબ્ઝર્વેશન હોમ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ઓબ્ઝર્વેશન હોમના પદાધિકારીઓ ઉપસ્થિત રહી દિર્ઘાયુ અને સારા સ્વાસ્થ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## મેઘરજ તાલુકામાં ૭.૯૧ લાખની વીજ ચોરી પકડાઈ

મેઘરજમાં વહેલી સવારે જીઈબીની ટીમો દ્વારા તાલુકાના ગામડાઓમાં રેડ કરવામાં આવી હતી. મેઘરજ જીઈબી તાબાનું મેઘરજ ૧ અને મેઘરજ-૨ના ઓફિસના ગામડાઓમાં જીઈબી ગુજરાત વિજીલન્સ તથા હિંમતનગર સર્કલ ઓફિસર દ્વારા ૪૪ ગાડીઓના કાફલા સાથે સ્ટાફ ઉતરી જઈ રેડ કરતા કેટલાએ વીજ ચોરી જપેટમાં આવી ગયા હતા. જેનાથી તાલુકાના વીજ ચોરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ગુરૂવારના રોજ સવારના સમયમાં લોકો જ્યારે મીઠી નિંદ્રા માણી રહ્યા હતા તે અરસામાં જીઈબીના સ્ટાફે તપાસ હાથ ધરતા તાલુકાના ગામડાઓના ૧૬૦૦ વીજ કનેક્શનો ચેક કર્યા હતા. જેમાંથી ૭૦ ગ્રાહકો વીજચોરી કરતા ઝડપાયા હતા. ૭૦ કનેક્શનો કુલ મળી ૭.૯૧ લાખ દંડ ફટકાર્યો હતો.

## સામૈયામાં જમીનના ઝઘડાની અદાવત રાખી માર મારતા ચાર વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના સામૈયા ગામે ગત તા. ૨૭ જૂનના રોજ જમીનના ઝઘડાની અદાવત રાખીને ચાર જણાએ ભેગા મળી એક ઈસમ પર કુહાડીથી હુમલો કરી ઈજા પહોંચાડી માર માર્યાની ફરિયાદ બુધવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. સામૈયા ગામના સુરેશકુમાર કાવજીભાઈ મોડીયા તથા પ્રવિણભાઈ બાબુભાઈ મોડીયા, પરબતભાઈ પુનાજી મોડીયા, મોઢ પટેલ સકરાજી તથા જગદીશભાઈ વીરજીભાઈ મોડીયાએ ભેગા મળી અગાઉ થયેલા જમીનના ઝઘડાની અદાવત રાખી ગાળો બોલી ચારેય જણાએ એકસંપ થઈ સુરેશભાઈ પર કુહાડી તથા લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## વિદાય સમારોહ અને સન્માન જોઈ સફાઈ કામદારના આંખમાંથી હરખના આસું સરી પડ્યા

### ધાનેરા પોલીસ મથકમાં સફાઈ કામદારનો વિદાય સમારોહ યોજાયો : પી.આઈ. ચુડાસમાની શ્રેષ્ઠ કામગીરીને ધાનેરાના ધારાસભ્ય સહિત નગરજનોએ પણ બિરદાવી

પાલનપુર, તા. ૩૦

આપે કદાચ પી.એસ.આઈ પી.આઈ કે એસ.પી ના તો વિદાય સમારોહ જોયા હશે ,,,,પણ પોલીસ મથક માં સફાઈ કરનાર સફાઈ કામદાર નો વિદાય સમારોહ જોયો પોલીસ સ્ટેશન ની કે જ્યાં પોલીસ સ્ટેશન ને હંમેશા સાફ રાખનાર અને પોલીસ મથક માં સફાઈ કરનાર રાજાભાઈ ની આજે નિવૃત્તિ થતા ધાનેરા પોલીસ મથક ના પી.આઈ શ્રી જે.એમ.ચુડાસમા ધ્વરા તેમનો વિદાય ને ધાનેરા ના ધારાસભ્ય સહિત ના લોકોએ બિરદાવી હતી તો બીજી તરફ સન્માન અને વિદાય સમારોહ જોઈ વિદાય લેનાર રાજાભાઈ ના આંખ માં પણ હરખના અશુ આવી ગયા હતા પી.આઈ શ્રી જે.એમ.ચુડાસમા એ



છે એક પોલીસ અધિકારી ધ્વરા પોલીસ મથક માં સફાઈ કરનાર સફાઈ કામદાર નો વિદાય સમારોહ અને પોલીસ અધિકારી ધ્વરા સફાઈ કામદાર ને સોનાના દાગીના ફુલહાર તેમજ નાળિયેર અને સાકાર આપી વિદાઈ આપી હતી

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા સમારોહ રાખવામાં આવ્યો હતો અને તેમને સોનાના દાગીના ફુલહાર તેમજ નાળિયેર અને સાકાર આપી વિદાઈ આપી હતી અને તેમની સારી કામગીરી બદલ તેમના પરિવાર ને પોલીસ મથક માં લાવી સન્માન પણ કર્યું હતું પી.આઈ શ્રી જે.એમ.ચુડાસમા ની આ કામગીરી મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશન ને હાર હંમેશ સાફ રાખનાર રાજાભાઈ આજે નિવૃત થતા તેમનો ખબજ ઉત્સાહ સાથે વિદાય સમારોહ રાખવામાં આવ્યા હતો અને એમનાજ પરિવાર માંથી કોઈને પોલીસ મથક માં સફાઈ કરવા માટે રાખવા જિલ્લા પોલીસ વાળને રજુઆત પણ કરીશ.